**DATE: 16/06/2025 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-08**

### ગુનાઈત કૃત્ય માટે જૂના વાહનોનો ઉપયોગ થતો હોઈ

# ભરૂચ જિલ્લામાં જૂના વાહનોની લે-વેચ કરતાં ૬૩ લોકો સામે કાર્યવાહી

### વેપારીઓએ વાહન લેનાર-વેચનારની વિગતોનું રજીસ્ટર નિભાવ્યું ન હતું

। ભરૂચ ।

અસામાજિક તત્વો કોઈ ગુનાઈત કૃત્યને અંજામ આપવા માટે જૂના વાહનો તેમજ તેમના સ્પેરપાર્ટનો ઉપયોગ કરતાં હોય છે. ત્યારે જાહેર સલામતી અને સુરક્ષા માટે ભરૂચ જીલ્લામાં એસપી મયુર ચાવડાની સુચનાથી ખાસ ડ્રાઈવ રાખવામાં આવી હતી. જેમાં જૂના વાહનોની લે-વેંચ કરનારાઓ દ્વારા તેમના ત્યાં વાહનો લેનારા-વેંચનારાઓની નોંધણી કરાય છે કે નહીં તેનું ચેકિંગ કરવામાં આવ્યું હતું. જિલ્લામાં ડ્રાઈવ દરમિયાન ૬૩ વેપારીઓએ રજિસ્ટર ન નિભાવતાં તેમની સામે કાર્યવાહી કરવામાં આવી હતી.

ભરૂચ જિલ્લો અતિસંવેદનશીલ જિલ્લો ગણાય છે. સુલેહ શાંતી અને સલામતીને ધ્યાનમાં રાખીને જીલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા વિવિધ પ્રકારના જાહેરનામા બહાર પાડવામાં આવ્યાં છે. જેમાં જૂના વાહનોની લે-વેચ કરનારાઓને પણ તેમના ગ્રાહકોની તમામ જરૂરી માહિતીની નોંધણી રજિસ્ટરમાં કરવા માટે તાકીદ કરવામાં આવી છે. છતાં પણ કેટલાંક વેપારીઓ રજિસ્ટર નિભાવણી કરતાં નથી. જેને લઈને ભરૂચ એસપી મયુર ચાવડાની સુચનાથી ભરૂચ એસઓજી તેમજ અન્ય પોલીસ સ્ટેશનોમાં બે દિવસની ખાસ ઝૂંબેશ હાથ ધરવામાં આવી હતી.

જેમાં જૂના વાહનોની લે-વેચ કરનારાઓને ત્યાં ચેકિંગ કરવામાં આવ્યું હતું. વેપારીઓએ તેમના ત્યાં જૂના વાહન આપવા આવેલાં તેમજ ખરીદી કરવા આવેલાં લોકોના નામ સરનામા, મોબાઈલ નંબર, તેમનું આઈડી પ્રુફ, તેમજ રેસિડન્સ પ્રુફ સહિત વાહન વેચવા-ખરીદવાનું કારણ સહિતની બાબતોની નોંધણી કરવામાં આવી છે કે નહીં તે તપાસ કરતાં જિલ્લામાં કુલ ૬૩ વેપારીઓએ તે નોંધણી કરી ન હોવાનું ધ્યાનમાં આવતાં તેમની સામે જાહેરનામા ભંગની કાર્યવાહી કરવામાં આવી હતી.

**૧૨ પોલીસ સ્ટેશનમાં કામગીરી થઇ હતી**

ભરૂચ એસપી દ્વારા ઝૂંબેશ શરૂ કરાવાતાં જિલ્લાના ૧૨ પોલીસ સ્ટેશનમાં આ કામગીરી થઇ હતી. જેમાં એસઓજીની ટીમે ૧૨ કેસ કર્યાં હતાં. તે જ રીતે અન્ય પોલીસ સ્ટેશન એટલે કે પાલેજમાં ૩, વાગરામાં ૬, દહેજમાં ૧૦, આમોદમાં ૦૨, જંબુસરમાં ૦૮, અંકલેશ્વર એ ડિવિઝનમાં ૦૨, અંકલેશ્વર બી ડિવિઝનમાં ૦૯, અંકલેશ્વર રૂરલમાં ૦૨, પાનોલીમાં ૦૪, ઝઘડિયા જીઆઇડીસીમાં ૦૩ અને નેત્રંગમાં ૦૨ કેસ મળી કુલ ૬૩ કેસ નોંધાયાં હતાં.

**DATE: 18/06/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

# હાંસોટનો દારૂના ગુનાનો વોન્ટેડ ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

ગત તારીખ-7મી મેના રોજ હાંસોટના અબ્દુલ રજ્જાક રફીક કાનુગા એ દારૂનો જથ્થો વેચાણ કરવા માટે મોટા બજારમાં ખંડેર જેવી દુકાનમા બીજા માળે સંતાડી રાખ્યો છે. વિદેશી દારૂની 819 નંગ બોટલ મળી કુલ 1.73 લાખનો મુદ્દામાલ કબ્જે કરી અબ્દુલ રજ્જાક રફીક કાનુંગાને ઝડપી પાડ્યો હતો. ઉટીયાદરા ગામની નવી નગરીમાં રહેતો અજય વસાવા અને અન્ય બુટલેગર દશરથ ઉર્ફે દશુ વસાવાની અંકલેશ્વર સબજેલમાંથી કબજો મેળવી વધુ તપાસ હાથ ધરી છે.

**DATE: 18/06/2025 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE-07**

# ભરણપોષણનો કેસમાં 5 મહિનાથી વોન્ટેડ આરોપી પકડાયો

ભરૂચ : વાલિયા પોલીસ મથકના પોલીસ ઇન્સ્પેક્ટર એમ.બી.તોમરે અલગ અલગ ટીમો બનાવી વાલીયા પોલીસ સ્ટેશન વિસ્તારના અલગ અલગ ગુનાઓમાં વોન્ટેડ તથા સજા પામેલા નાસતા ફરતા આરોપીઓને પકડી પાડવા સૂચના આપી હતી. જે અંતર્ગત પોલીસકર્મીઓને બાતમી મળી હતી કે ફેમિલિ કોર્ટ, ઝઘડીયાના ભરણ પોષણના કેસમાં સજા પામેલ ફરાર આરોપી રવિન્દ્રભાઇ રવિલાલ વસાવા (મુળ રહે.વડફળીયા તા.વાલીયા) તેના ઘરે હાજર છે. જે આધારે પોલીસે દરોડા પાડી આરોપીની ધરપકડ કરી ભરૂચ સબજેલ ખાતે મોકલી આપવામાં આવ્યો હતો.

**DATE: 18/06/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

# રાજપારડી ચોકડી નજીકથી દારૂ સાથે બે ઝડપાયા

ભાસ્કરન્યૂઝ | ઝઘડિયા

બે ઈસમો કારમાં દારૂ લઈને ઝઘડિયા તરફથી આવીને ઉમલ્લા તરફ જવાના છે. પોલીસે રાજપારડી ચાર રસ્તા નજીક વોચ ગોઠવીને મળેલ બાતમી મુજબની ગાડી આવતા તેને રોકીને તપાસ કરતા તેમાંથી ભારતીય બનાવટના વિદેશી દારૂના બિયર ટીન નંગ 38 મળી આવ્યા હતા. પોલીસે રૂપિયા 8360 ની કિંમતનો વિદેશી દારૂનો જથ્થો કબ્જે લીધો હતો. ઉમલ્લાના મહેશ વસાવા તથા એક કિશોરની ધરપકડ કરવામાં આવી છે. બંને સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

**DATE: 18/06/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

### છેલ્લા 2 થી 20 વર્ષથી રહેતાં હતાં, મોટાભાગના માછીમારી કરતાં હતાં

# ભરૂચના બહારની ઉંડાઇ- મહંમદપુરા વિસ્તારમાંથી 44 બાંગ્લાદેશી ઝડપાયા

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ પોલીસના સ્પેશિયલ ઓપરેશન ગૃપે શહેરની બહારની ઉંડાઇ, મહંમદપુરા સહિતના વિસ્તારોમાં સઘન ચેકિંગ હાથ ધરીને 44 બાંગ્લાદેશી નાગરિકોને ઝડપી પાડયાં છે. આમાંથી કેટલાક 2 વર્ષથી તો કેટલાક 20 વર્ષથી ગેરકાયદેસર રીતે વસવાટ કરતાં હોવાની વિગતો સામે આવી છે. આ લોકો માછીમારીના તળાવો પર કામ કરતાં હોવાની વિગતો સામે આવી છે. અત્યાર સુધીમાં જિલ્લામાંથી 100 કરતાં વધારે બાંગ્લાદેશી નાગરિકોને ઝડપી પાડી તેમને સુરક્ષા એજન્સીઓના હવાલે કરવામાં આવ્યાં છે. પહેલગામમાં આતંકવાદી હૂમલા બાદ રાજયભરમાંથી બાંગ્લાદેશી નાગરિકોને શોધવામાં આવી રહયાં છે. એસઓજી પીઆઇ આનંદ ચૌધરી તથા તેમની ટીમે ભરૂચ અને અંકલેશ્વરમાં ચેકિંગની કામગીરી હાથ ધરી હતી. ભરૂચના બહારની ઉંડાઇ તથા મહંમદપુરા વિસ્તાર તથા અંકલેશ્વર જીઆઇડીસીમાંથી 44 જેટલા બાંગ્લાદેશી નાગરિકોને ઝડપી લેવામાં આવ્યાં છે. તેમની પાસેથી કેટલાક દસ્તાવેજો પણ મળી આવ્યાં છે. આ તમામ માછીમારીના તળાવો પર નોકરી કરતાં હતાં. આ લોકો 2 વર્ષ કે 20 વર્ષથી ઘુસણખોરી કરીને ભરૂચ જિલ્લામાં આવીને વસવાટ કરી રહયાં હતાં. આ તમામની હવે સુરક્ષા એજન્સીઓ પૂછપરછ કરશે અને બાદમાં તેમનો દેશનિકાલ કરવાની તજવીજ હાથ ધરવામાં આવશે. અત્યાર સુધીમાં 100 જેટલા બાંગ્લાદેશી નાગરિકોને ઝડપી લેવાયાં છે.

**બાંગ્લાદેશીઓની વિગતો**

| | |
|---|---|
| પુરૂષ | 11 |
| મહિલા | 18 |
| બાળકો | 15 |

**DATE: 18/06/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### વાગલખોડ ગામના ઇસમે દારૂ મોકલાવ્યો હતો

# કાંટીપાડા ગામે ₹ 2.70 લાખના દારૂ સાથે એક બૂટલેગર ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | વાલિયા

નેત્રંગના ઝરણા ફોરેસ્ટ ખાતે ઘરના માળિયા ઉપર ઘાસચારા નીચે સંતાડેલો 2.70 લાખનો દારૂ પોલીસે ઝડપી પાડયો છે. પીઆઈ આર.સી.વસાવા ટીમ સાથે પેટ્રોલિંગમાં હતા તે દરમિયાન બાતમી મળેલ કે ઝરણા ફોરેસ્ટ કંપની (કાંટીપાડા) ખાતે રહેતા હરેશ વસાવાએ દારૂનો મોટો જથ્થો તેના ઘરમાં સંતાડી રાખ્યો છે.

પોલીસે ઘરની તલાશી લેતાં માળીયા પર ઘાસચાર નીચે સંતાડેલી દારૂની 864 બોટલ મળી આવી હતી. 2.70 લાખનો દારૂ તથા મોબાઈલ ફોન કબજે લેવામાં આવ્યો છે.

સ્થળ પરથી હરેશ વસાવાની ધરપકડ કરવામાં આવી હતી. તેની પૂછપરછમાં દારૂનો જથ્થો વાલિયાના વાગલખોડનો પ્રદિપ વસાવા મુકી ગયો હોવાની કબૂલાત કરતાં તેને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યો છે. બંને આરોપીઓ સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. ફરાર થઈ ગયેલાં પ્રદિપને ઝડપી પાડવા નેત્રંગ પોલીસે ચક્રો ગતિમાન કર્યા છે.

**DATE: 19/06/2025 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHAR PAGE-01**

# ઉટીયાદરા ગામમાં દારૂના ગુનામાં વોન્ટેડ આરોપીની અટકાયત

અંકલેશ્વર, તા. ૧૮

**અંકલેશ્વર તાલુકાના ઉટીયાદરગામમાં શીલાલેખ સોસાયટીમાંથી એલસીબી પોલીસે ઝડપેલો રૂ. ૩ લાખ ઉપરાંતના વિદેશી દારૂના જથ્થાના ગુનામાં વોન્ટેડ વધુ એક આરોપીને અટકમાં લેવાયો છે.**

## આરોપી અન્ય ગુનામાં અંકલેશ્વર સબજેલમાં હતો

ભરૂચ એલ.સી.બી.ની ટીમ ગત તા.૩ મે ૨૦૨૫ના રોજ ઉટીયાદરા ગામેથી રૂપિયા ૩,૦૧,૭૫૯ના દારૂનો જથ્થો ઝડપી પાડ્યો હતો. જે તે સમયે પોલીસે રીઢા આરોપી જીગ્નેશ ઉર્ફે જીગો કૌશિકભાઈ પટેલને ઝડપી પાડ્યો હતો.આ પ્રોહીબીશનના ગુનામાં વધુ એક વોન્ટેડ આરોપી બુટલેગર હાંસોટનો અબ્દુલ રઝાક મોહમ્મદ રફીક કાનૂગા કે જે અન્ય ગુના સંદર્ભે અંકલેશ્વર સબજેલમાં હતો તેનો કબ્જો મેળવી બી ડિવિઝન પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

**DATE: 19/06/2025 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHAR PAGE-04**

# અંકલેશ્વરમાંથી સીસાના ભંગારના જથ્થા સાથે ત્રણ ઈસમો ઝડપાયા

અંકલેશ્વર, તા. ૧૮

અંકલેશ્વરના પીરામણ રોડ ઉપર થી શંકાસ્પદ સીસાના ભંગારના રૂ. ૪ લાખના મુદ્દામાલ સાથે બી ડિવિઝન પોલીસે ત્રણ ઈસમોને ઝડપી પાડ્યા હતા.

## પોલીસે કુલ ૧૭૩૦ કિ.ગ્રા.સીસુ મળી કુલ રૂ.૪ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો

અંકલેશ્વર બી ડિવિઝન પોલીસ પેટ્રોલિંગ માં હતી તે દરમ્યાન બાતમી મળી હતી કે 'અંકલેશ્વર અંસાર માર્કેટ પાસે પીરામણ ગામ તરફ જવાના રોડ ઉપર મંદિર પાસે ઝાડીઓમા બે ઈસમો સીસુનો મોટો જથ્થો લાવી સંતાડી રહેલ છે' આ બાતમીના આધારે દરોડો પાડીને ત્રણ ઈસમો પાસેથી સીસુ (જસત) ની પ્લેટો નંગ-૩૧ આશરે બે ફૂટ લંબાઈ તથા પાંચ ઈંચ પહોળાઈ જેનુ કુલ વજન ૬૮૦ કી.ગ્રા. જેની કુલ કી.રૂ.૧,૩૬,૦૦૦ તથા તગારા જેવા આકરના સીસુના મુદ્દામાલનુ કુલ વજન ૧૦૫૦ કી.ગ્રા. જેની કુલ કી. રૂ. ૨,૧૦,૦૦૦ મળી કુલ સીસુ કિ. ગ્રા. ૧૭૩૦ જેની કુલ કિ. રૂ. ૩,૪૬,૦૦૦ નો જથ્થો ઉપરાંત ત્રણ મોબાઈલ ફોન કિં. રૂ.૫૦૦૦૦ મળી કુલ રૂ. ૪,૦૬,૦૦૦ નો શંકાસ્પદ મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

પોલીસે અન્સાર સ્ક્રેપ માર્કેટ માં રહેતા અલાઉદ્દીન ઉર્ફે ટીપુ જલીલ કુરેશી, ઈમરાન અકબર મુન્શી ચૌધરી તેમજ બિલાલ એહમદ શાહની ધડપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

**DATE: 19/06/2025 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-05**

# જંબુસરના મગણાદ ગામે મકાનમાં તિજોરીમાં સંતાડેલો દારૂ ઝડપાયાં

। જંબુસર ।

જંબુસર તાલુકાના મગણાદ ગામે નવીનગરીમાં એલસીબી પોલીસે મકાનમાં રેડ પાડી તિજોરીમાં સંતાડી રાખેલો રૂા.૨,૯૦,૯૦૦નો વિદેશી દારૂ અને બીયરનો જથ્થો ઝડપી પાડી બૂટલેગરની ધરપકડ કરી હતી.

ભરૂચ લોકલ ક્રાઈમ બ્રાંચના પો.ઈ. એમ.પી.વાળાના માર્ગદર્શન હેઠળ પી.એસ.આઈ ડી.એ.તુવર તથા તેમની ટીમ જંબુસર વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી. ત્યારે તેમને બાતમી મળી હતી કે, મગણાદ ગામે નવીનગરીમાં રહેતા શૈલેષ ગંભીરભાઈ મકવાણાએ તેના રહેણાંક મકાનમાં વિદેશી દારૂનો જથ્થો સંતાડી રાખેલ છે. જે બાતમીના આધારે એલસીબી ટીમે નવીનગરીના મકાનમાં છાપો મારી તપાસ કરતાં બે તિજોરીમાંથી વિદેશી દારૂ અને બીયર ટીનનો મોટો જથ્થો મળી આવ્યો હતો. એલસીબી ટીમે રૂા.૨,૯૦,૯૦૦નો દારૂ અને બીયરનો જથ્થો કબજે કરી બૂટલેગર શૈલેષ ગંભીરભાઈ મકવાણાને દબોચી લઈ પુછપરછ કરતા તેણે આ વિદેશી દારૂ હસન પટેલ (રહે.જંબુસર) આપી ગયા હોવાનુ જણાવ્યુ હતુ. પોલીસે આ બાબતે જંબુસર પોલીસ મથકમાં ફરીયાદ આપતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ એલસીબીએ હાથ ધરી વોન્ટેડ હસન પટેલને ઝડપી લેવાના ચક્રો ગતિમાન કર્યા છે.

**DATE: 19/06/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### સગીરાને આરોપીની ચુંગાલમાંથી મુક્ત કરાવાઇ

# અંકલેશ્વરની સગીરાને કર્ણાટક ભગાડી જનાર ઈસમ ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર જીઆઈડીસી પોલીસ સગીરાને લગ્નની લાલચે ભગાડી જનાર આરોપીની કર્ણાટકથી કરી ધરપકડ કરી હતી. પોલીસે સગીરા ને આરોપી ની ચુંગાલમાંથી મુક્ત કરાવી પરિવાર ને હવાલે કરી હતી.

અંકલેશ્વર ના ભડકોદ્રા વિસ્તારમાંથી એક સગીરાને લગ્નની લાલચે પટાવી ફોસલાવી ભગાડી જવામાં આવી હતી.આ અંગે અંકલેશ્વર જીઆઈડીસી પોલીસ મથકે પોક્સો એક્ટ ની કલમો હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો જેમાં અંકલેશ્વર જીઆઈડીસી પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર આર.એચ.વાળા ના માર્ગદર્શન હેઠળ પોલીસ ટીમ દ્વારા સીસીટીવી ફૂટેજ તેમજ હ્યુમન ઈન્ટેલીજન્સ તથા ટેકનીકલ સર્વેલન્સ થી આરોપી તથા ભોગ બનનાર ની માહિતી મેળવી સગીરાને ભગાડી જનાર આરોપી તથા સગીરાને કર્ણાટક ખાતેથી શોધી કાઢી તેના પરિવારને સોંપવામાં આવી હતી આરોપી વિરુદ્ધ કાર્યવાહી હાથ ધરી છે.

**DATE: 19/06/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### 10 હજાર રોકડા સહિત 13 હજારનો મુદ્દામાલ જપ્ત કરાયો

# ટંકારીયામાં વરલી મટકાનો જુગાર રમાડતાં બે શખ્સોની ધરપકડ થઈ

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચના ટંકારીયામાં વરલી મટકાનો જુગાર રમાડતાં બે શખ્સોની ધરપકડ કરવામાં આવી છે. તેમની પાસેથી 10 હજાર રૂપિયા રોકડા સહિત 13 હજારનો મુદ્દામાલ જપ્ત કરાયો છે.

પાલેજ પોલીસ ઈન્સ્પેક્ટર કોમલ વ્યાસની ટીમને પેટ્રોલિંગ દરમિયાન બાતમી મળી હતી. ટંકારીયા ગામે સ્ટેટ બેંક નજીક આવેલી ચાની દુકાનમાં વરલી મટકાનો જુગાર રમાડવામાં આવે છે. પોલીસે તાત્કાલિક રેડ પાડી હતી.

સ્થળ પરથી બે શખ્સોની ધરપકડ કરવામાં આવી છે. પોલીસે ₹10,550 રોકડા, એક મોબાઈલ ફોન, મટકાના સ્ક્રીનશોટ અને ત્રણ ચિઠ્ઠીઓ સહિત કુલ ₹13,550નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આરોપીઓમાં ટંકારીયાના મહમદ હનીફ ઉમરજી વેવલી અને કહાન ગામના મોહસીન હસન યુસુફ કોસીયાનો સમાવેશ થાય છે. પોલીસે છ આરોપીઓને વોન્ટેડ જાહેર કર્યા છે. આમાં ટંકારીયાના ઈરફાન હાજી બીલા અને વિજય સોલંકી, કહાનના યુનુસ ભરૂચી, સીતપોણના અલી આદમ ભીમા, કારેલાના સુખદેવ વસાવા અને વલણ ગામના મુનાફનો સમાવેશ થાય છે. પાલેજ પોલીસે જુગારધારા કલમ 12(અ) મુજબ ગુનો નોંધ્યો છે. પોલીસે ફરાર આરોપીઓને પકડવા માટે કાર્યવાહી શરૂ કરી છે.

### મહારાષ્ટ્રથી રાખોલ મોકલતો હતો, બેની ધરપકડ

# મુલદ ટોલપ્લાઝા નજીક લકઝરી બસમાંથી 3.65 લાખનો દારૂ જપ્ત

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

ભરૂચ એસીબીએ મહારાષ્ટ્રથી અમદાવાદ ખાતે ટ્રાવેલ્સ માં લઈ જવાતો દારૂનો જથ્થો ઝડપી પાડ્યો હતો. ડ્રાઈવર -ક્લીનર ની ધરપકડકરી હતી.પોલીસે 3.65 લાખનો દારૂ અને 10 લાખની ટ્રાવેલ્સ બસ 14 લાખ ઉપરાંતનોમુદ્દામાલ જપ્ત કર્યો હતો.બસની ડિકીમાં પ્લાસ્ટિકના પાર્સલ પેકિંગમાં દારૂનો જથ્થો લઈ અંકલેશ્વરથી ભરૂચ જનાર છે . પોલીસે માંડવા ટોલનાકા પાસે વોચ ગોઠવી હતી. બસની ડિકીમાં તપાસ કરતા તેમાંથી દારૂની 213 નંગ બોટલ મળી આવી હતી.પોલીસે 3.65 લાખનો દારૂ અને 10 લાખની ટ્રાવેલ્સ મળી કુલ 14 લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. બાડમેર વલીયાલી ખાતે રહેતો ટ્રાવેલ્સ ચાલક ભગતસિંહ ભાટી અને ક્લીનર કલ્યાણસિંહ ચૌહાણ ને ઝડપી પાડ્યો હતો. જથ્થો મહારાષ્ટ્રના મુક્તા નગર પાસેથી પ્રવીણ નામના ઈસમે ભરી આપી અમદાવાદના રાખોલ મુખી પાર્કિંગમાં બસ પાર્ક કરી તેને ફોન કરવા જણાવ્યું હોવાની કબૂલાત કરી હતી.

**DATE: 21/06/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

### પાનોલી પાસેથી મળેલા મૃતદેહનો ભેદ ઉકેલાયો, આરોપીની ધરપકડ કરાઇ

# 1,500 રૂ.ની લૂંટ ચલાવનારને 10 દિવસે શોધી કાઢ્યો, ખેતરમાં લઈ જઈ હત્યા કરી

ભાસ્કર ન્યૂઝ | પાનોલી

અંકલેશ્વરના ખરોડ ગામના ખેતરમાંથી મળી આવેલાં મૃતદેહનો ભેદ પોલીસે ઉકેલી નાખી આરોપીની ધરપકડ કરી લીધી છે. મૃતક અજાણ્યો ઈસમ હોવાથી તેના પરિવારને શોધવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

ખરોડ ગામની સીમમાં આવેલ ખેતરના શેઢા ઉપર અજાણ્યા વ્યક્તિનો મૃતદેહ વિકૃત હાલતમાં મળી આવ્યો હતો. પાનોલી પોલીસે મૃતદેહનો કબજો મેળવી તેનું પોસ્ટમોર્ટમ કરાવ્યું હતું જેમાં તેનું મોત માથામાં બોથડ પદાર્થ વડે થયેલી ઈજાના કારણે ખોપડીનું હાડકું તૂટી જતાં વધુ પડતાં રક્તસ્રાવના લીધે થયું હોવાની વિગતો સામે આવતાં હત્યાનો ગુનો દાખલ કરાયો હતો. પાનોલી પોલીસની સાથે એલસીબીની ટીમ પણ તપાસમાં જોડાઈ હતી. જેમાં હત્યામાં મહારાષ્ટ્રના અકકલકુવામાં રહેતો અને મજૂરીકામ કરતો શંકર મોવરીયા વસાવે સંડોવાયેલો હોવાની માહિતી મળતાં તેની ધરપકડ કરાઈ હતી.

પૂછપરછમાં તેણે કબૂલાત કરી હતી કે આજથી 10 દિવસ પહેલાં તેને મૃતક અજાણ્યો ઈસમ મળ્યો હતો અને તેની પાસેથી 1,500 રૂપિયા લૂંટી લીધાં હતાં. બાદમાં તેણે આ ઈસમની શોધખોળ આદરતાં તે મળી આવ્યો હતો. તેને મજૂરીના વધારાના રૂપિયા મળશે તેવી લાલચ આપીને રીક્ષામાં બેસાડીને બાકરોલ બ્રિજ પાસે લઈ આવ્યો હતો. ત્યાંથી બંને ચાલતા ચાલતાં અવાવરૂ ખેતરમાં ગયાં જ્યાં તેને માર મારી પથ્થર મારી હત્યા કરી નાખી હતી. અજાણ્યા ઈસમની હત્યા કરી આરોપી તેના વતન મહારાષ્ટ્ર તરફ ભાગી ગયો હતો. પોલીસે આરોપીની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. બીજી તરફ મૃતક યુવાન કોણ છે તેની તપાસ માટે પણ ચક્રો ગતિમાન કરાયાં છે.

**DATE: 21/06/2025 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-07**

### આમોદ તાલુકા ના રોઝાટંકારીયા ગામેથી

# પાદરાના મોભા ગામે લઈ જવાતો સરકારીઅનાજનો જથ્થો ઝડપાયો

## બે શખ્સની અટકાયત, રૂા.૯૦ હજારનો મુદામાલ સીઝ કરાયો

। જંબુસર ।

આમોદ તાલુકાના કોલવણા ગામે રહેતા દુકાન સંચાલકના પતિ પાસેથી પિક અપ ગાડીમાં ઘઉં અને ચોખાનો સરકારી અનાજનો જથ્થો લઈને મોભા ગામે જતાં બે ઈસમોને આમોદ પોલીસે આછોદ ત્રણ રસ્તા પાસેથી ઝડપી પાડયા હતાં. સરકારી અનાજના જથ્થા બાબતે કોઈ ખુલાસો નહી કરતાં પોલીસે બે ઈસમોની અટકાયત કરી પિકઅપ ગાડી જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી કરી હતી.



આમોદ પોલીસને ગત રોજ રાત્રિના બાતમી મળી હતી કે, મેહુલકુમાર કનૈયા લાલ શાહ (રહે.ચોકારી, બ્રાહ્મણવાડી ખડકી તા.પાદરા) તથા નિતિનભાઈ ઉર્ફે અંકિત જીતુભાઈ પઢિયાર (રહે.ચોકારી, ટેકરીવાળુ ફળિયું તા.પાદરા) બોલેરો પીકઅપ ગાડીમાં શંકાસ્પદ અનાજની બોરીઓ ગેરકાયદે ભરીને રોઝાટંકારીયાથી મોભા તરફ જઈ રહ્યા છે. જે બાતમીના આધારે પોલીસે આછોદ ત્રણ રસ્તા પાસે વોચ ગોઠવી હતી. તે દરમિયાન બાતમીવાળી પીકઅપ ગાડી આવતાં તેને ઉભી રાખી તપાસ કરતા ઘઉંની ૩૬ થેલી તથા ચોખાની ૨૪ થેલી મળી કુલ ૬૦ થેલી મળી આવતાં તેમજ આ અનાજના જથ્થા વિશે પુછપરછ કરતા ડ્રાઈવર મેહુલે તે રોજા ટંકારીયા ગામેથી સલીમ ભાઈ સુલેમાનભાઈ ઉઘરાદર (રહે. કોલવણા ગામ તા.આમોદ)થી મોભા ગામે રહેતા કમલેશ વસંતલાલ શાહના ત્યાં આપવા જતાં હોવાનું જણાવ્યુ હતું. જ્યારે તેનું કોઈ બિલ કે પૂરાવો નહીં હોવાથી પોલીસે ઘઉ અને ચોખાનો કુલ રૂા.૯૦,૦૦૦નો જથ્થો અને ગાડી મળી કુલ રૂા.૪,૯૫,૦૦૦ નો મુદામાલ જપ્ત કરીપુરવઠા મામલતદારની હાજરીમાં સરકારી ગોડાઉનમાં સીઝ કરાવ્યો હતો.

**DATE: 21/06/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### પોલીસે 2.34 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો

# અંકલેશ્વરમાં ભંગારના શંકાસ્પદ જથ્થા સાથે ટેમ્પોચાલક ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર



અંકલેશ્વર જી.આઈ.ડી.સી. પોલીસ સ્ટેશનનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતા તે દરમ્યાન બાતમી આધારે કર્માતુર ચોકડી ખાતેથી એક ટેમ્પો શંકાસ્પદ એસ.એસ.ના પાઈપો તથા બોઈલર તથા ફલેન્ચના નાના મોટા ટુકડા લઈ પસાર થઈ રહ્યો છે તેવી માહિતી મળતાં વોચ ગોઠવવામાં આવી હતી. પોલીસે થ્રી વ્હીલ ટેમ્પોને અટકાવીને તેની તલાશી લીધી હતી. જેમાં પાઈપો તથા બોઈલર તથા ફલેન્ ના નાના મોટા ટુકડા મળી આવ્યાં હતાં. આ સામાન બાબતે ટેમ્પોનો ચાલક યોગ્ય જવાબ આપી શકયો ન હતો. જેથી કુલ 1.34 લાખનો સામાન શંકાસ્પદ હોવાનું લાગતાં તેને જપ્ત કરાયો હતો. ટેમ્પો સહિત 2.34 લાખનો સામાન જપ્ત કરી ટેમ્પાચાલકની અટકાયત કરવામાં આવી છે. ટેમ્પોચાલક સામાન ક્યાંથી લાવ્યો હતો અને કોને આપવા માટે જતો હતો તેની તપાસ પોલીસ ચલાવી રહી છે.

**DATE: 21/06/2025 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-07**

### દહેજના જોલવા ગામે બનેલી ઘટના

# ઈન્ટરનેટ કેબલ નાખવાના બહાને ઘરમાં ઘૂસી લૂંટ ચલાવાઈ

## પોલીસે ૧૦૦થી વધુ સીસીટીવી ફૂટેજ ચેક કરી લૂટારુને ઝડપી લીધા

। ભરૂચ ।

દહેજના જોલવા પાસેના ટાઈગર પ્લાઝામાં એક મહિલા ઘરમાં એકલી હતી ત્યારે ઈન્ટરનેટર કેબલ નાંખવાના બહાને ઘરમાં ઘુસેલાં બે શખ્સોએ ૨૫ હજારની લૂંટ ચલાવી ફરાર થઈ ગયાં હતાં. જોકે, પોલીસે ઘટનાને પગલે આસપાસના વિસ્તારના ૧૦૦થી વધુ સીસીટીવી ફૂટેજ તપાસી આખરે બન્ને આરોપીઓને ઝડપી પાડ્યાં હતાં.



દહેજ પાસે આવેલા જોલવા ગામે ટાઈગર પ્લાઝામાં ફાતિમાબીની અઝરૂદ્દીન સૈયદ, તેમના પતિ અને ૭ મહિનાના પુત્ર સાથે રહે છે. તેમના પતિ વડદલાની એક કંપનીમાં નોકરી કરતા હોઈ ગત તા.૧૭ મી જુને તેઓ નોકરીએ ગયા હતા તે વેળા ફાતિમા તેમના ૭ મહિનાના બાળક સાથે ઘરમાં એકલા હતા. દરમ્યાનમાં બપોરના ત્રણેક વાગ્યાના અરસામાં કોઈએ તેમના ઘરનો દરવાજો ખખડાવતા તેમને દરવાજાના લેન્સમાંથી જોતા બે અજાણ્યા શખ્સો જણાયા હતા.

દરમ્યાનમાં તેમણે પુનઃ દરવાજો ખખડાવતા તેમણે દરવાજો ખોલ્યો હતો તેમણે તેઓને તમે કોણ છો કેમ આવ્યા છો પુછતા બંને યુવાનોએ ગુજરાતી ભાષામાં તેઓ ઈન્ટરનેટ કેબલ નાંખવા માટે આવ્યા હોવાનું જણાવ્યુ હતુ. જેથી તેમણે તેમને કેબલ નાંખવા દેતા બંન્ને જણાએ રૂમમાં પ્રવેશી કેબલ નાંખવાની પ્રોસેસ કરી રહ્યા હતા તે વેળા એક શખ્સે તેમના ઘરનો દરજાનો અંદરથી બંધ કરી દીધો હતો .જેના પગલે ફાતિમા ગભરાઈ ગઈ હતી તે કાંઈ બોલે તે પહેલા એક શખ્સે તેનુ મોઢુ દબાવી દીધુ હતુ. તેમજ હિન્દીમાં તુમ્હારે પાસ જો કુછ ભી હે વો નિકાલ કર દે વરના તુજે જાનસે માર દુંગા તેમ કહેતા ફાતિમા ગભરાઈ ગઈ હતી. તેણે તમારે જે જોઈએ તે લઈ જાઓ પણ મને અને મારા સંતાનને કાંઈ ન કરતા તેમ કહેતા તેમણે ઘરમાં તીજોરી સહિત તમામ સ્થળે તપાસ કરતા તિજોરીમાં એક પ્લાસ્ટીકના ડબ્બામાં મુકેલા ૨૦ હજાર રૂપિયા રોકડા તેમને મળ્યા હતા. દરમ્યાનમાં તેમણે ફાતેમાએ કાનમાં પહેરેલી બુટ્ટી પણ ઉતારી લઈ ત્યાંથી રફુચક્કર થઈ ગયા હતા. દહેજ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે બાઈક પર જઈ રહેલા બંને લુંટારૂને ઝડપી લીધા હતાં.

**DATE: 22/06/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

# અંકલેશ્વર દારૂ કેસમાં રિક્ષાચાલક ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

જીતાલી ગામે ડ્રીમસીટીમાં રહેતી સવિતા મેઘની રાય યાદવદારૂનો જથ્થો લાવી તેના માણસો મારફતે રીક્ષામાં દઢાલ ગામે રહેતા બુટલેગર અબ્દુલ કાદીર ઉર્ફે કાદર ઈબ્રાહીમશા દિવાનને પહોંચાડવાની હતી. પોલીસે જીતાલી ફાટક પાસે વોચ ગોઠવીને રીક્ષા ઝડપી પાડી હતી. 1.18 લાખના દારૂ સાથે બે કીશોરની ધરપકડ કરાઈ હતી. આ કેસમાં ફરાર રીક્ષા ડ્રાઈવર અને સારંગપુરની વિહારધામ સોસાયટીમાં રહેતાં દિલીપ પરમારને ઝડપી લેવાયો છે.

**DATE: 22/06/2025 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHAR PAGE-03**

### અંકલેશ્વરમાં ભંગાર ચોરોનો આતંક

# જીઆઈડીસીમાંથી એક જ દિવસમાં ભંગાર ભરેલા બે ટેમ્પો ઝડપાયા

અંકલેશ્વર તા.૨૧

અંકલેશ્વર જીઆઈડીસીમાં ઉદ્યોગોના નાના મોટા એકમોમાં પડેલા ભંગારની ચોરી કરનાર ગેંગનો આતંક જોવા મળી રહ્યો છે. પોલીસે એક જ દિવસમાં ભંગારની ચોરી કરીને લઈ જતા બે ટેમ્પો સાથે બન્ને ડ્રાઈવરની અટકાયત કરી કુલ રૂ. ૩.૫૦ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

## ભંગાર ભરેલા બે ટેમ્પો સાથે કુલ રૂ. ૩.૫૦ લાખનો મુદ્દામાલ જપ્ત, બન્ને ડ્રાઈવરની અટકાયત

અંકલેશ્વર જીઆઈડીસી પોલીસે જીઆઈડીસી કર્માતુર ચોકડી પાસેથી પેટ્રોલિંગ દરમ્યાન થ્રી વ્હીલર ટેમ્પોમાંથી સ્ટીલના પાઈપો, બોઈલર અને ફ્લેન્જના ટુકડાઓ જપ્ત કર્યો હતો.આ ભંગારનું કુલ વજન ૬૭૦ કિલોગ્રામ છે,જેની કિંમત રૂ.૧. ૩૪ લાખ થાય છે.પોલીસે રૂ.૧ લાખની કિંમતનો થ્રી વ્હીલર ટેમ્પો પણ જપ્ત કર્યો હતો. આ કેસમાં રાજસ્થાનના વતની કુકાવન રેવતાવન વનની ધરપકડ કરવામાં આવી છે. પોલીસે કુલ રૂ.૨.૩૪ લાખનો મુદ્દામાલ જપ્ત કરી આરોપી વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી શરૂ કરી હતી.

બીજા કેસમાં થ્રી વ્હીલ ટેમ્પામાં શંકાસ્પદ એમ.એસ.ના સ્ક્રેપ ભરી મુક્તિ ચોકડીથી નોટીફાઈડ ઓફિસ તરફ જનાર છે. તેવી બાતમીના આધારે ટેમ્પો આવતા તેને રોકી પોલીસે તપાસ કરતા ડી.જી. જનરેટરના સાયલેન્સર તથા અન્ય લોખંડનો સ્ક્રેપનુ વજન ૭૧૦ કિ.ગ્રા કુલ કિ.રૂ.૨૧,૩૦૦નો જથ્થો અને એક લાખની કિંમતનો ટેમ્પે મળી ૧.૨૧ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો અને ટેમ્પો ચાલક પ્રકાશ ગોરધનલાલ રાવલની અટકાયત કરી હતી.

DATE: 22/06/2025 CATEGORY: GREEN
E-PAPER GUJARAT SAMACHAR PAGE-03

## અંકલેશ્વર - સુરતમાં આરોપી સામે ૭ ગુના નોંધાયા છે

# અંકલેશ્વરમાં ગાંજાના કેસમાં ૧૨ વર્ષથી વોન્ટેડ આરોપી ભુવનેશ્વરથી ઝડપાયો

અંકલેશ્વર તા.૨૦

અંકલેશ્વરમાં ગાંજાની હેરફેરના ગુનામાં છેલ્લા ૧૨ વર્ષથી નાસતો ફરતો રીઢો આરોપી ભુવનેશ્વરથી ઝડપાયો હતો.અંકલેશ્વર શહેર પોલીસે ઓડિશાથી ટ્રાન્ઝીટ વોરંટ મેળવી તેની અટકાયત કરી હતી.

## વર્ષ ૨૦૧૩માં હાઈ વે ઉપર હોટલના કંપાઉન્ડમાં પાર્ક કરેલ ટ્રકમાંથી ૫૧૩ કિલો ગાંજાનો જથ્થો મળી આવ્યો હતો

વર્ષ ૨૦૧૩માં ૫૧૩.૪૫ કિલો ગાંજાનો જથ્થો નેશનલ હાઈવે ૪૮ ઉપર આવેલ મોતાલી નજીકની હોટલના કંપાઉન્ડમાં પાર્ક કરેલ ટ્રકમાં મળી આવ્યો હતો.આ જથ્થો ઓડિશા ખાતે રહેતા મનોજકુમાર પાંડીએ કટક મોઘલી નામના ટ્રાન્સપોર્ટમાં સુરત કતારગામમાં રહેતા તેના ભાઈ સંતોષકુમાર પાંડીને મોકલ્યો હતો.જે તે સમયે આ અંગેનો ગુનો અંકલેશ્વર શહેર પોલીસ મથકે નોંધાયો હતો.

આ ગુનાનો મુખ્ય સૂત્રધાર ગાંજાનો જથ્થો રિસીવ કરનાર આરોપી સંતોષકુમાર પાંડી નાસતો ફરતો હતો. તેના અંગે અંકલેશ્વર શહેર એ ડિવિઝન પોલીસ ને બાતમી મળતા આરોપીને ભુવનેશ્વર (ઓડિશા) ખાતેથી ઝડપી પાડયો હતો અને ઓડિશાથી ટ્રાન્ઝીટ વોરંટ મેળવી અંકલેશ્વર લઈ આવ્યા હતા.આ આરોપી વિરૂધ્ધ અગાઉ એન.ડી.પી.એસ.એક્ટ તેમજ પ્રોહીબીશન એક્ટ અંતર્ગત અંકલેશ્વર ઉપરાંત સુરત કતારગામ તેમજ વરાછા પોલીસ મથકે ૭ જેટલા ગુનાઓ નોંધાયા હતા.

**DATE: 22/06/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### બલરામ હોટલ પાસે રોડની સાઇડમાં ટેન્કર ઉભા રાખી કેમિકલના કારબા ભરાતાં હતાં

# દહેજમાં ટેન્કરોમાંથી કેમિકલ ચોરીનું કૌભાંડ 3.56 કરોડના મુદ્દામાલ સાથે ચાર ઝડપાયા

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

દહેજમાં આવેલી જીટીપીસીએલ કંપનીમાંથી કેમિકલ ભરીને નીકળતાં ટેન્કરોને બલરામ હોટલ પાસે રોડની સાઇડમાં ઉભા રાખી તેમાંથી બારોબાર કેમિકલ ચોરી કરવાના મોટા કૌભાંડનો પોલીસે પર્દાફાશ કર્યો છે. સ્ટેરીન સહિતના કેમિકલ ભરેલાં સાત ટેન્કર સહિત 3.56 કરોડના મુદ્દામાલ સાથે પોલીસે ચાર જણાની ધરપકડ કરી છે. ધરપકડ કરાયેલાં ચાર પૈકી બે ટેન્કરના ડ્રાઇવર છે જ્યારે બે કેમિકલ માફિયાના સાગરિતો છે જે ટેન્કરમાંથી કેમિકલ ચોરી કરીને કેરબામાં ભરી લેતાં હતાં.

દહેજ પોલીસ સ્ટેશનના પો.કો સેતાનસિંહ અને નીલાભાઇ પેટ્રોલિંગમાં હતાં તે સમયે બલરામ હોટલ પાસે સાત જેટલા ટેન્કર અને એક બોલેરો ગાડી શંકાસ્પદ હાલતમાં ઉભેલા જોવા મળતાં પોલીસે દરોડો પાડયો હતો. પોલીસને જોઇ ત્યાં હાજર લોકોમાં દોડધામ મચી ગઇ હતી પણ સ્થળ પરથી ચાર જણાને ઝડપી લેવામાં આવ્યાં હતાં. તેમની પાસેથી ટેન્કરમાંથી કેમિકલની ચોરી કરવાના સાધનો તથા 15 થી વધારે કેમિકલ ભરેલાં કારબા અને અન્ય ખાલી કારબા મળી આવ્યાં હતાં. કેમિકલ ભરેલાં ટેન્કરો સહિત કુલ 3.56 કરોડનો મુદ્દામાલ જપ્ત કરી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

પાલેજનો સમીર નામનો કેમિકલ માફિયા જીટીપીસીએલ કંપનીમાંથી નીકળતાં ટેન્કરોના ડ્રાઇવરો સાથે મેળાપીપણામાં આખું રેકેટ ચલાવી રહયો હતો. હાલ તે ફરાર હોવાથી તેને ઝડપી પાડવાની કવાયત હાથ ધરવામાં આવી છે. સ્થળ પરથી કુલ 56 જેટલા કારબા પોલીસને હાથ લાગ્યાં છે જેમાંથી 15 કે 16માં જ કેમિકલ ભરવામાં આવ્યું હતું.



દહેજ પોલીસે કેમિકલ ચોરીનું મોટું કૌભાંડ ઝડપી પાડયું છે.

## એક ટેન્કરમાંથી ચારથી પાંચ કારબા જ કેમિકલની ચોરી કરાતી હતી

દહેજની કંપનીમાંથી રાજયની અન્ય કંપનીઓમાં તેમની જરૂરીયાત મુજબના કેમિકલ મોકલવામાં આવતાં હોય છે. આ કેમિકલનું વજન કરવામાં આવતું હોય છે. કેમિકલ ચોરો દરેક ટેન્કરમાંથી ચારથી પાંચ કારબા ભરીને કેમિકલની ચોરી કરતાં હતાં જેથી ટેન્કર જે તે કંપનીમાં પહોંચે ત્યારે કેમિકલના વજનમાં બહુ ફરક આવે નહિ અને કોઇને શંકા ન ઉપજે.

## સાબુ-મીણબત્તી બનાવવામાં સ્ટીઅરીનનો ઉપયોગ

સ્ટીઅરીન કેમિકલનો ઉપયોગ મીણબત્તીઓ અને સાબુના ઉત્પાદનમાં સ્ટીઅરિનનો ઉપયોગ સખ્તાઇ આપનાર એજન્ટ તરીકે થાય છે . તેને પાણીમાં સોડિયમ હાઇડ્રોક્સાઇડના દ્રાવણ સાથે ભેળવવામાં આવે છે.

## ઝડપાયેલા આરોપીઓ

રમઝાનશા દિવાન, રહે. ઇન્દોર, તા. ઝઘડિયા
તોસીફશા દિવાન, રહે. વલણ, તા. કરજણ
ભેરારામ ચૌધરી, રહે. ડુંગરી તા. સાંચોર
બાબુલાલ ચૌધરી, રહે. ડભોઇ, રાજસ્થાન

**વોન્ટેડ જાહેર થયેલાં આરોપીઓ**

સમીર દિવાન, રહે. પાલેજ તા. ભરૂચ
પાંચથી સાત અન્ય ટેન્કરના ડ્રાઇવરો

## આ રીતે કરવામાં આવતી હતી કેમિકલની ચોરી

દહેજમાંથી ઝડપાયેલાં કેમિકલ ચોરીના કૌભાંડમાં પાલેજનો સમીર મુખ્ય સુત્રધાર હોવાની વિગતો સામે આવી છે. તે 35 લીટરના ખાલી કારબા બોલેરોમાં દહેજ ખાતે મોકલતો હતો. દહેજની જીટીપીસીએલ કંપનીમાંથી કેમિકલ ભરેલાં ટેન્કરોના ડ્રાઇવરોનો સંપર્ક કરીને ટેન્કરોને રોડની સાઇડ પર ઉભા રખાવતો હતો. ટેન્કરનું વાલ્વબોક્સ ખોલી વાલ્વમાં પ્લાસ્ટિકનો પાઇપ અને ગરણી મુકીને કેમિકલને કારબામાં ભરી લેવામાં આવતું હતું. આ કામગીરી માટે ટેન્કરના ડ્રાઇવરને 1,500 રૂપિયા આપવામાં આવતાં હતાં.